પૂર્વછાયો- ઉત્સવ નિત્ય અતિ ઘણા, થાય અહોનિશ આનંદ ।
તાપત્રય તિયાં નહિ, જીયાં સ્વામી રાજે સુખકંદ ॥૧॥
સુંદર ઋતુ સોયામણી, વળી વરતિયો વસંત ।
અતિરાજી અલબેલડો, દિયે દાસને સુખ અત્યંત ॥૨॥
વાસી વાલાક દેશનાં, જન નિરમળ જેહ ।
દયા કરી તેને દર્શનની, જોઈ સત્સંગીનો સ્નેહ ॥૩॥
મિષ લઈ જન જાનનું, ચાલિયા શ્યામ સુજાણ ।
પૂરણ બ્રહ્મ પધારિયા, કરવા કોટીનાં કલ્યાણ ॥૪॥

ચોપાઇ- સોંઢિયા જાનમાં સુંદરશ્યામ, કરવા અનેક જનનાં કામ।
પહોર એકમાં પરિયાણ કીધું, ગામ સઘળું જમાડી લીધું ॥૫॥
પછી ચોંપેશું ચલાવી જાન, ચાલ્યા ભેળા પોતે ભગવાન ।
કીધો માલપરામાં મુકામ, ત્યાંથી પહોંચ્યા પિઠવડી ગામ ॥૬॥
આવ્યા સતસંગી સર્વે સમૈયે, અતિ હેત માય નહિ હૈયે ।
બાળ જોબન ને વૃધ્ધ વળી, આવ્યા સામા વાલાને સાંભળી ॥૭॥
ગાતેવાતે પધરાવ્યા ઘેર, કરી સેવા સારી રૂડી પેર ।
સુંદર સારી કરાવી રસોઈ, જમ્યા નાથ ભાવ તેનો જોઈ ॥૮॥
પછી જમાડ્યો જનનો સાથ, ઉભા હરિ આગે જોડી હાથ ।
કહે ધન્ય ધન્ય દીનદયાળ, ભલી લીધી અમારી સંભાળ ॥૯॥
કરી મોટી અમપર મહેર, પ્રભુ પ્રેમે પધારિયા ઘેર ।
તમે બિરુદ પાળ્યું બહુનામી, છો પતિતના પાવન સ્વામી ॥૧૦॥
એવાં સુણ્યાં દાસનાં વચન, બોલ્યા પ્રભુજી થઈ પ્રસન્ન ।
નોતું આંઈ આવ્યાનું પરિયાણ, આવ્યા જોઈને તમારી તાણ ॥૧૧॥
એમ કહી હેતનાં વચન, બહુ રાજી કર્યા નિજજન ।
પછી પોઢીયા પ્રાણઆધાર, વીતિ રાત્ય ને થયું સવાર ॥૧૨॥

ત્યારે ઉઠ્યા આપે અવિનાશ, થયા રથી ગ્રહિ કર રાશ ।
ચાલ્યા વાટે આવે ગામ ઘણાં, કરે દર્શન જન હરિ તણાં ॥૧૩॥
એમ દેતાં દર્શન દાન, કરે જન મગન ભગવાન ।
પછી પહોંચ્યા ભટવદ્ર ગામ, રહ્યા રાત્ય સુખે તિયાં શ્યામ ॥૧૪॥
કરી વિવાહ વળ્યા અવિનાશી, શ્યામ સુંદરવર સુખરાશી ।
આવે આડાં વાટે જન બહુ, કરે નાથનાં દર્શન સહુ ॥૧૫॥
ત્યાંથી રહ્યા વાવેરામાં રાત, દઈ દર્શન ચાલ્યા પ્રભાત ।
આવ્યા ગોરડકે કરી મહેર, ભક્ત ચાંદુ માંતરાને ઘેર ॥૧૬॥
કરી રસોઈ જમાડ્યા જન, જમ્યા ભાવે પોતે ભગવન ।
ત્યાંથી ચાલ્યા ચતુર સુજાણ, કર્યાં પિઠવડીએ મેલાણ ॥૧૭॥
તિયાં મૂળો ભગો બોલ્યા મળી, હિરો હરજી ભાયો રૂડો વળી ।
કહે રહો યાં દિન દોય ચાર, કરે દર્શન સહુ નરનાર ॥૧૮॥
બહુ દહાડે પધાર્યા છો તમે, નહિ જાવા દૈયે હરિ અમે ।
એવી સાંભળી જનની વાણ, પણ ન માન્યું ચાલ્યા સુજાણ ॥૧૯॥
ચાલ્યા રાત તણા ચારે જામ, પાછા આવ્યા માલપરે ગામ ।
તિયાં રૂડાં કરાવ્યાં ભોજન, આપે જમી જમાડિયા જન ॥૨૦॥
પછી આવ્યા ગઢપુર ગામ, કરી અનેક જનનાં કામ ।
જેજે જને જોયા છે જીવન, તે ન જાય જમને ભવન ॥૨૧॥
દઈ અનેકને અભયદાન, પાછા પધારિયા ભગવાન ।
જેજે કર્તવ્ય છે હરિતણું, તેમાં જાણો કલ્યાણ આપણું ॥૨૨॥
એમ કરતાં વીત્યા કાંઈ દન, ચાલ્યા ગુજરાત્યે ભગવન ।
ચાલ્યા ગઢડેથી ગિરિધારી, આવ્યા સારંગપુર સુખકારી ॥૨૩॥
સુંદરિયાણે શિરામણિ કરી, રહ્યા રાત વાગડમાં હરિ ।
કંથારીયે કરીને ભોજન, રહ્યા શિયાણીમાં ભગવન ॥૨૪॥
ત્યાંથી તાવી આવી હરિ રહ્યા, પછી કરી દેવળિયે દયા ।
તિયાં આવ્યા દરશને દાસ, નયણે નિરખવા અવિનાશ ॥૨૫॥
તેને દર્શન દઈ દયાળ, ત્યાંથી ચાલ્યા પછી તતકાળ ।

આવ્યા દદુકે દેવાધિદેવ, કરી હરિજને બહુ સેવ ॥૨૬॥
પછી ત્યાંથી આવ્યા મછિયાવે, તિયાં તેડ્યા મુનિ ભરી ભાવે ।
હરિજને જમાડ્યા જીવન, પછી જમ્યા સખા મુનિજન ॥૨૭॥
રહી રાત્ય ચાલ્યા ભગવાન, દેતા દાસને દર્શન દાન ।
આવ્યું અરણ્યે એક તળાવ, તિયાં જમ્યા મનોહર માવ ॥૨૮॥
પછી અમદાવાદમાં આવ્યા, ઘણું જન તણે મન ભાવ્યા ।
ફુલદોલના ઉત્સવ માથે, આવ્યા મુનિ ને મહારાજ સાથે ॥૨૯॥
હેતે પ્રીતે જમાડીયા જને, શાક પાક સુંદર ભોજને ।
પછી આવ્યો હુતાસની દન, રમ્યા સખા સંગે ભગવન ॥૩૦॥
સારા સુંદર રંગ મંગાવ્યા, ઘણા માટ ઘડા ભરી લાવ્યા ।
તેતો હરિએ લઈ લીધા હાથે, ઢોળ્યા સર્વે મુનિજન માથે ॥૩૧॥
પછી ઉપર નાખ્યો ગુલાલ, તેણે સખા થયા રંગે લાલ ।
ધન્ય શોભે છે સંત મંડળી, નાખે રંગભીનો રંગ વળી ॥૩૨॥
ખુબ ખાંતિલે મચાવ્યો ખેલ, વાળી રસિયે રંગડાની રેલ ।
પછી અલબેલો અઢળ ઢળ્યા, સર્વે મુનિને મહારાજ મળ્યા ॥૩૩॥
કરી ઉત્સવ શ્યામ સધાવ્યા, અવિનાશી અસલાલી આવ્યા ।
તિયાં ભક્ત વસે વેણીભાઈ, જમ્યા શ્યામ તિયાં સુખદાઈ ॥૩૪॥
પછી જમાડીયા મુનિજન, સર્વે લોકે કર્યા દરશન ।
પછી ત્યાંથી ચાલ્યા ભગવન, આવ્યા જેતલપુરે જીવન ॥૩૫॥
ત્યાંથી ચાલિયા લાડીલો લાલ, આવ્યા વાલમજી વરતાલ ।
તિયાં દાસને દર્શન દિધાં, બહુ જન કૃતારથ કીધાં ॥૩૬॥
દેશ દેશના આવ્યાતા સંઘ, હરિભક્ત અંતરે અનઘ ।
તેને દર્શન દઈ દયાળ, લીધી સર્વે જનની સંભાળ ॥૩૭॥
સર્વે સામું જોયું અમિ નેણે, વળી બોલાવિયા મીઠે વેણે ।
સહુ જન તે મગન થયા, વિયોગ દુઃખ વિસરી ગયા ॥૩૮॥
પછી હરિને પૂજીયા હેતે, વળી જમાડ્યા પૂરણ પ્રીતે ।
નિત્યે નયણે નિરખી નાથ, મુખ જોઈ સુખ લિયે સાથ ॥૩૯॥

કોઈ ચંદન ચરચે ઘશી, કોઈ હાર પહેરાવે છે હશી ।
કોઈ અત્તર ચરચે આવી, લાગે પાય અંબર પહેરાવી ॥૪૦॥
કોઈ અર્પે આભૂષણ અંગ, કોઈ કરે આરતી ઉમંગ ।
કોઈ છાપે છે છાતિયે પાવ, કોઈ ભેટે ભરી જનભાવ ॥૪૧॥
એમ પૂરે મનોરથ મનના, વાળે ખંગ ખોયલા દનના ।
કરતાં પ્રભુજીને પ્રસન્ન, આવિયો રામનવમીનો દન ॥૪૨॥
રહ્યાં વ્રત નરનારી જન, જાણી પ્રભુ જન્મનો દન ।
દશમી દને મુહૂર્ત જોઈ, દિધી સીતારામને જનોઈ ॥૪૩॥
તિયાં જમાડિયા વિપ્રજન, આપ્યાં સુંદર સારાં ભોજન ।
વેદવિધિએ કર્યું એ કામ, ધર્મરક્ષક સુંદરશ્યામ ॥૪૪॥
કરી અલબેલો એટલું કાજ, આવ્યા ગઢડે શ્રીમહારાજ ।
સુણે સહુ કથા સુખરાશી, કરી લીલા તે કહી પ્રકાશી ॥૪૫॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્યનિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે અમદાવાદ ફુલદોલનો ઉત્સવ કરીને પાછા ગઢડે પધાર્યા એ નામે છન્નુમું પ્રકરણમ્ ॥૯૬॥